# વિશુદ્ધ આનંદ

## આનંદમય જન્મદિવસના ઉપલક્ષમાં પ્રસ્તુત
## શ્રીગુરુમાઈ સાથે કેટલાક પ્રસંગો

### શ્રીગુરુમાઈ સાથે પ્રસંગ : ૧

*લીલાવતી સ્ટુઅર્ટ*

વર્ષ ૨૦૧૬ના શિયાળાની રજાઓમાં હું અને મારી કિશોરવયની દીકરી, ઍલિસિયા સેવા કરવા માટે શ્રી મુક્તાનંદ આશ્રમ ગયા હતા. ક્રિસમસના દિવસે શ્રી નિલય હૉલમાં શ્રીગુરુમાઈ સાથે અદ્‌ભુત સત્સંગના સમાપન પછી બધાં લોકો ક્રિસમસનું વિશેષ ભોજન કરવા માટે અન્નપૂર્ણા ડાઈનિંગ હૉલ તરફ જવા લાગ્યાં.

થોડીવાર પછી જ્યારે ગુરુમાઈજી શ્રી નિલયથી નિધિચોકમાં આવી રહ્યાં હતાં ત્યારે તેમણે જોયું કે હું અને ઍલિસિયા નજીકમાં ઊભા છીએ. ગુરુમાઈજીએ સુંદર સ્મિત સાથે અમને બંનેને બધાં માટે આનંદ ફેલાવવા માટે ગીત ગાવા કહ્યું. તેમણે કહ્યું, “સ્પ્રેડ ધ જૉય” એટલે કે આનંદ ફેલાવો.

ઍલિસિયા અને મેં આ ગીત ગાવાનું શરૂ કરી દીધું અને ગુરુમાઈજીએ ઈશારો કર્યો કે અમે ગુરુમાઈજીની આગળ-આગળ ભવ્ય રીતે શણગારેલા દરવાજામાંથી ડાઈનિંગ હૉલ સુધી ચાલીએ.

ગુરુમાઈજીએ અમને આનંદ ફેલાવવા માટે “સ્પ્રેડ ધ જૉય” નામનું ગીત ગાવા કહ્યું હતું; તેથી જ્યારે અમે ગાઈ રહ્યા હતા ત્યારે મેં કલ્પના કરી કે હું મારા આ ગીત દ્વારા અન્નપૂર્ણામાં ઉપસ્થિત દરેક વ્યક્તિ સુધી શ્રીગુરુમાઈના પ્રેમને પહોંચાડી રહી છું. ‘આનંદ ફેલાવવાનો’ ગુરુમાઈજીનો સંકલ્પ, “સ્પ્રેડ ધ જૉય” મારી અંદર અને બહાર પ્રગટ થઈ રહ્યો હતો. હું આ સંકલ્પ સાથે ઘણી એકલયતા અનુભવી રહી હતી, જેના કારણે એ રૂમની ખુશી સ્પષ્ટપણે મહસૂસ થઈ રહી હતી અને તે આનંદપૂર્ણ હતી.

જ્યારે અમે ગાતાં-ગાતાં અન્નપૂર્ણાના મધ્યભાગમાં અને આખા હૉલમાં બધે ચાલી રહ્યા હતા ત્યારે ગુરુમાઈએ મને અને ઍલિસિયાને એ ટેબલોની વચ્ચે થઈને ચાલવા કહ્યું જ્યાં બધાં લોકો બેઠાં હતાં!

પછી ગુરુમાઈએ ઍલિસિયાને બીજું ગીત ગાવા કહ્યું. ઍલિસિયાએ “આઈ લવ યુ અ બુશેલ એન્ડ અ પેક” ગીત ગાવાનું પસંદ કર્યું. આ ગીતને તે એ આશા સાથે શીખી હતી કે તે આ ગીત ગુરુમાઈજી માટે ગાઈ શકે. ગુરુમાઈજીએ તેને એક ટી-શર્ટ ભેટ આપ્યું હતું જેના પર લખ્યું હતું “આઈ લવ યુ અ બુશેલ એન્ડ અ પેક” અને તે આ ટી-શર્ટ માટે પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરવા માંગતી હતી. હવે ઍલિસિયાની ઇચ્છા પૂરી થઈ ગઈ હતી અને તેણે પૂરા હૃદયથી ગાયું.

પછી જ્યારે અમે ગાઈ રહ્યા હતા ત્યારે ગુરુમાઈજીએ ઑસ્ટ્રેલિયાથી આવેલા એક યુવકને ઍલિસિયા અને મારી સાથે જોડાવા માટે કહ્યું. આનંદ વધતો ને વધતો જ ગયો અને પછી અમે ગાયકોએ હર્ષોલ્લાસમાં નૃત્ય કરવાનું શરૂ કરી દીધું. જ્યારે અમે નાચતાં-ગાતાં ટેબલની વચ્ચેથી ચાલી રહ્યાં હતાં ત્યારે મેં જોયું કે દરેકનો ચહેરો પ્રકાશથી ભરાઈ ગયો હતો. વધુ ને વધુ લોકો ગાતાં-ગાતાં અને તાળીઓ પાડતાં-પાડતાં જોડાતાં ગયાં. એવું લાગી રહ્યું હતું જાણે કે આખો ડાઇનિંગ હૉલ અને બધાં લોકો આનંદનો મહાસાગર બની ગયાં હતાં!

શ્રીગુરુમાઈનો આનંદ અમારાં બધાંમાંથી પ્રવાહિત થવાના આ જીવંત અનુભવ માટે હું ખૂબ જ કૃતજ્ઞ છું.

ધન્યવાદ, ગુરુમાઈજી.

***

## શ્રીગુરુમાઈ સાથે પ્રસંગ : ૨

*જયલક્ષ્મી લેઝમા*

વર્ષ ૨૦૦૯ના શિયાળામાં હું સેવા કરવા માટે શ્રી મુક્તાનંદ આશ્રમમાં ગઈ હતી, એ વર્ષે શ્રીગુરુમાઈનો નવવર્ષ સંદેશ હતો, ‘ૐ’. એ સમયે મારી ઉંમર અઢાર વર્ષની હતી.

મારા ઘરે પાછા જવાના એક દિવસ પહેલાં, શ્રી નિલય હૉલમાં ગુરુમાઈજી સાથે એક સત્સંગ થયો હતો. સત્સંગના સમાપન પછી, ગુરુમાઈજી નીચેની લૉબીમાં જવા માટેનાં પગથિયાં પાસે ઊભાં હતાં. તેઓ લોકોનાં એક સમૂહ સાથે વાતચીત કરી રહ્યાં હતાં. ગુરુમાઈજીને જોઈને મને મારા હૃદયમાં અપાર આનંદની અનુભૂતિ થવા લાગી. હું કૃતજ્ઞ હતી કે મને મારાં શ્રીગુરુનાં દર્શન થઈ રહ્યાં છે. મેં ગુરુમાઈજીને કહ્યું કે હું આવતીકાલે જવાની છું. ખૂબ જ મધુરતાથી અને પ્રેમથી ગુરુમાઈજીએ મને વિદાય માટે શુભેચ્છા આપી. એવું લાગતું હતું કે તે એક સુંદર વિદાય હતી.

હું બીજા દિવસે બપોર પછી આશ્રમથી જવાનું વિચારી રહી હતી. મેં વિચાર્યું કે મારા જવાના દિવસે ગુરુમાઈનાં દર્શન થવાં શક્ય નથી. પરંતુ બીજે દિવસે શ્રી નિલયમાં ગુરુમાઈજી સાથે બીજો એક સત્સંગ થયો. આ સત્સંગના સમાપન પછી, ગુરુમાઈજી લોકોના એક સમૂહ સાથે વાત કરવા માટે એ જ જગ્યાએ ઊભાં હતાં જ્યાં ગઈકાલે ઊભાં હતાં.

હું એ સમૂહમાં જોડાઈ ગઈ. ગુરુમાઈજીએ મને પૂછ્યું, “તું ક્યારે જાય છે?” મેં કહ્યું કે હું બપોર પછી જવાની છું. ગુરુમાઈજીએ મને ઈશારો કરીને નજીક આવવા કહ્યું. તેમણે ક્ષણભર માટે મારો હાથ પકડ્યો. પછી ગુરુમાઈજીએ કહ્યું કે આ જગ્યા પર ધ્વનિ બહુ સારો આવે છે અને તેમણે બધાંને ‘ૐ’ ગાવા માટે આમંત્રિત કર્યાં.

અમે બધાંએ ગાવાનું શરૂ કર્યું અને આ પવિત્ર વર્ણ દીવાલોમાંથી ગુંજવા લાગ્યો જેના લીધે શક્તિપૂરિત સ્પંદનોનો અનુભવ થવા લાગ્યો. ગુરુમાઈજીએ ઊંચા સૂરથી લઈને નીચેના સૂર સુધી મુક્તરૂપે 'ૐ'નું ગાન કર્યું. ગુરુમાઈજીનો અવાજ મારા હૃદયને વીંધીને મારી અંદર પ્રવેશ કરી રહ્યો હતો અને મારા આખા અસ્તિત્વમાં 'ૐ'નાં સ્પંદનો ગુંજાયમાન થઈ રહ્યાં હતાં. હું ઇચ્છતી હતી કે આ ક્ષણનો ક્યારેય અંત ન આવે. હું ગુરુમાઈજીને જોઈ રહી હતી અને ગુરુમાઈજી મને જોઈ રહ્યાં હતાં. આ પ્રેમની ક્ષણોમાં જ્યારે ગુરુમાઈજીની દૃષ્ટિ મારા પર પડી તો મારા વિચારો વિલીન થઈ ગયા અને મારું હૃદય વિસ્તૃત થઈ ગયું. અમે સમય અને સ્થાનની પરે જતાં રહ્યાં.

જ્યારે અમે થોડી મિનિટો સુધી 'ૐ'નું ગાન કર્યું તો ધ્વનિનાં સ્પંદનો વધુ ને વધુ શાંત થતાં ગયાં અને અંતે ધ્વનિ પૂર્ણરૂપે મૌનમાં વિલીન થઈ ગયો. અમે વાતાવરણમાં વ્યાપ્ત શુદ્ધ સ્પંદનોનો આનંદ માણી રહ્યાં હતાં.

ત્યારપછી જ્યારે હું મારા અનુભવ પર ધ્યાન કરવા ગઈ ત્યારે આંખોમાંથી ખુશીનાં આંસુ વહેવા લાગ્યાં. પછી મને સમજાયું કે મને વિશુદ્ધ આનંદ, પૂર્ણ આનંદની અનુભૂતિ થઈ હતી.

ઘરે આવીને હું મારા અનુભવને આત્મસાત્ કરવા માટે ધ્યાનમાં ધારણા તરીકે એવી કલ્પના કરવા લાગી કે હું શ્રીગુરુમાઈ સાથે 'ૐ' ગાઈ રહી છું અને ધ્યાન દરમ્યાન હું 'ૐ' મંત્રનો જપ પણ કરતી. તેથી, ખરેખર એ એક સુંદર વિદાય *હતી* — કંઈક એવું જેને હું મારી સાથે ઘરે લાવી શકી હતી.

© ૨૦૧૭ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.